No. of Printed Pages : 5 **FGT-01**

# BDP – Bachelor's Degree Programms
# Term-End Examination
## June, 2020
## FGT-01 : FOUNDATION COURSE IN GUJARATI

*Time : 2 Hours* *Maximum Marks: 50*

એફજીટી – 01

બીડીપી – બેચલર્સ ડિગ્રી પ્રોગ્રામ્સ(સ્નાતક પદવી કાર્યક્રમો)

એફજીટી – 01 : ગુજરાતીમાં ફાઉન્ડેશન કોર્સ (આધારભૂત અભ્યાસક્રમ)

સમય : *2* કલાક મહત્તમ અંક : 50

---

નોંધ : 1. આ પ્રશ્નપત્રમાં કુલ આઠ (8) પ્રશ્નો આપવામાં આવ્યાં છે.

*2.* બધા પ્રશ્નોના ઉત્તર આપવાના છે.

---

1. નીચેના વિષયોમાંથી ગમે તે એક વિષય પર નિબંધ લખો. 8

(a) લોકશાહીના લાભાલાભ
(b) જીવનની વસંત – યૌવન
(c) કમ્પ્યૂટરની કમાલ
(d) પ્રદૂષણ નિયંત્રણ

2. નીચેનામાંથી કોઈ પણ ચાર પ્રશ્નોના ઉત્તર આપો. 8

(a) 'જક્ષણી' વાર્તાનો અંત તમને કેવો લાગ્યો? કારણ આપો.

(b) ચોરો ભાંગી જવાથી લોકજીવન પર શી અસર થઇ?

(c) અંગ્રેજોએ પંચાયતોનો નાશ કેવી રીતે કર્યો? આમ કરવા પાછળ એમનો શો હેતુ હતો?

(d) રાઈની કમરે વીંટાળેલી તલવાર જોવાની જિજ્ઞાસા છોડી દેવા પાછળ સાવિત્રી અને વંજુલાના પક્ષે કયા કારણો હતાં?

(e) ટાગોરે ભારતીય સંસ્કૃતિને 'તપોવનની સંસ્કૃતિ' શા માટે કહી છે?

(f) અનુવાદકમાં કઈ બે બાબતોની સજ્જતા હોવી જરૂરી છે?

3. (a) કૌંસમાં આપેલા શબ્દમાંથી યોગ્ય શબ્દ લઇ વાક્યની ખાલી જગ્યા પૂરો. 4

(i) વાયુમોજું લગભગ એક સાથે નાસિકાપથ અને મુખપથમાંથી ધ્વનિરૂપે બહાર આવે ત્યારે ———————— ધ્વનિઓ સંભળાય છે. (મહાપ્રાણ, અનુનાસિક, પ્રકંપીઓ)

(ii) ——————એ નાનામાં નાનો કણ છે પણ તે સ્વતંત્રરૂપમાં રહી શકતો નથી. (અણુ, પરમાણુ, મૂળતત્વ)

(iii) પ્લાસ્ટિક માટેનાં મૂળ દ્રવ્યો ——————માંથી મળે છે. (વનસ્પતિ, પથ્થર, પેટ્રોલિયમ)

(iv) વ્યક્તિ સ્વાતંત્ર્ય સમાજની અંદર ——————સ્વરૂપે પ્રગટ થાય છે. (હકક, નેતૃત્વ, ફરજ)

(b) નીચે અ વિભાગમાં રૂઢિપ્રયોગો આપ્યા છે ને બ વિભાગમાં તેમના અર્થ આપ્યા છે. સાચા જોડકાં બનાવો. 6

| અ | બ |
|---|---|
| (1) આકાશ તૂટી પડવું | (1) ભંભેરણી કરવી |
| (2) કાન ફૂંકવા | (2) ભારે ઉચાટ થવો |
| (3) જીવ પડીકે બંધાવો | (3) ભારે આફત આવવી |
| (4) પાણી વલોવવું | (4) ખોટી મહેનત કરવી |

4. નીચેનામાંથી ગમે તે બે વિષે ટૂંકનોંધ લખો. 6

(a) વિજ્ઞાન અને નિત્યજીવન

(b) રાષ્ટ્રીય અને સાંસ્કૃતિક એકતામાં ભાષાઓનું પ્રદાન

(c) આજનો યુગધર્મ – મૈત્રી સાધના

5. પૂર્વાપર સંદર્ભ આપી સમજાવો. 8

(a) છેવટે પારકાં છોકરાં જ રાજી કરવાનાં છે ને?

(b) તું વળી ખાવાનું મોકલનાર કોણ? જાય છે કે નહીં?

(c) આ બધા લે છે ને તું કેમ ન લે? મોટો લાટ થઇ ગયો એમ?

(d) આ સરકારના હિસાબે બીજું વરહ અને અમારા હિસાબે ચોથું.

6. નીચેનાં વાકયોના શબ્દોનો ક્રમ યોગ્ય રીતે ગોઠવીને વાકયો ફરીથી લખો. 4

(a) માણસ કાદવમાં કોઈપણ જાતને કે પોતાની લાવી નથી શકતો કોઈપણ દેશ થઈને ઊંચી.

(b) આફ્રિકાની વાત સોએક છે ગાંધીજીની લગભગ દક્ષિણ મુસાફરીની આજથી વર્ષ પહેલાંની

(c) વ્યક્તિ સ્વાતંત્ર્ય પ્રતિબંધક સત્તામાં અટકાયત જોખમાય તેટલે અંશે અને વધારો થાય છે ધારા દ્વારા રાજ્યની છે.

(d) ધ્વનિ સંકેતોની સાથે વીસ ધ્વનિઓ આ કામગીરી કેટલાક સ્પર્શ ધ્વનિઓની અન્ય પણ બજાવે છે.

7. યાદીમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી તેમના આધારે બનતા દ્વિરુક્ત શબ્દ વડે નીચેનાં વાક્યોમાંની ખાલી જગ્યા પૂરો.

(પાડોશી, ઝબક, સાફ, લાગટ) 4

(i) ---------- ત્રણ વર્ષના દુકાળે ખેડૂતને પાયમાલ કરી નાખ્યા.

(ii) મેં એને ------ શબ્દોમાં કહી દીધું કે મને તારા પર વિશ્વાસ નથી.

(iii) રમણભાઈને ત્યાં ચોરીના સમાચાર સાંભળી ------- સૌ દોડી આવ્યા.

(iv) દીવો -------- થતો હતો તે કંચને સરખો કર્યો.

8. નીચે અ વિભાગમાં શબ્દોના પ્રકાર આપ્યા છે અને બ વિભાગમાં શબ્દોની યાદી આપી છે. જે તે પ્રકાર સાથે એના યોગ્ય શબ્દો મૂકો.

4

| અ | બ |
|---|---|
| સંસ્કૃત તત્સમ શબ્દો | વાહન, ધુતારો, કુંભાર, નારી, પ્રત્યક્ષ, ઢ |
| તદ્ભવ શબ્દો | `બરું, ડોકટર, રેડિયો, પોસ્ટ, વોકળો, |



580

દેશ્ય શબ્દો
અંગીકૃત શબ્દો

ધાન, માસી, લિપિ, ચંદ્રમા, શત્રુ, કવિ, ઢિ ંગલી, ઠોબરું, પકડવું, પોલીસ, તોપ, ઘાઘરો, ખેતર, લાજ, ઊંટ, ડોળો, ચળવળ, બંદગી, બેંક, દિન, મિસ્ત્રી, વિસ્મય, ટેકરો, ઝાડ, કૃષિ, ભગત, સ્ટેશન, કોડી, પેટ.

580